5 દીકરી



અશોક ચાવડા 'બેદિલ'

(જન્મઃ 23-8-1978)

અશોક પીતાંબર ચાવડાનું વતન સુરેન્દ્રનગર જિલ્લાનું મનડાસર ગામ છે, હાલ ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટીમાં મદદનીશ રજિસ્ટ્રાર તરીકે કાર્યરત છે. 'પગલાં તળાવમાં', 'પગરવ તળાવમાં' તેમના ગઝલસંગ્રહો છે. 'ડાળખીથી સાવ છૂટા' પ્રતિબદ્ધ કવિતાનો સંગ્રહ છે. સાહિત્ય અકાદમી દિલ્હીનો યુવા પુરસ્કાર અને ગુજરાત સાહિત્ય અકાદમીના યુવા ગૌરવ પુરસ્કાર તથા અન્ય પુરસ્કારોથી તેઓ પુરસ્કૃત થયા છે.

આ કાવ્ય ગઝલ સ્વરૂપ છે. તેમાં વહાલનો દરિયો એવી દીકરીના ગૌરવભર્યા સ્થાન અને માનની સંવેદનાનું આલેખન થયું છે. જાણે સ્વર્ગની એકેક દેવીની ઝલક દીકરીમાં જોવા મળે છે. દીકરી સ્નેહનું ઝરણું છે. તેની હાજરી સુગંધ અને શીતળતા આપે છે. ખડકમાંથી શિલ્પ કોતરાય એમ માબાપ દીકરીને ઉછેરે છે. ભારતીય સંસ્કૃતિનાં પ્રતીકો દ્વારા દીકરીનું વ્યક્તિત્વ પ્રગટ થયું છે. મોટી થયા પછી સમજણી દીકરી બાપને હાથ દે છે, સહાયભૂત થાય છે એ નાજુક ચિત્ર યાદગાર છે. દીકરીની વિદાય પછી ભીની થતી પાંપણમાં દરેક વખતે દીકરી પ્રત્યક્ષ થાય છે. પિતાની નજરે આલેખાયેલું દીકરીનું વત્સલ અને મધુર વ્યક્તિત્વ છે. દીકરીના વ્યક્તિત્વની મહત્તા અને માતાપિતાના મનોભાવોને ગઝલમાં સુંદર વાચા આપવામાં આવી છે.

સ્વર્ગની એકેક દેવીની ઝલકમાં દીકરીઃ
છે સુખડ-ચંદન ને કુમકુમનાં તિલકમાં દીકરી.

સ્નેહનું ઝરણું ફૂટે એનું જ આ પરિણામ છે,
કોતરે છે કોઈ વરસોથી ખડકમાં દીકરી.

લાજ-મર્યાદા, શરમ, ગૌરીવ્રતોની હારમાં
ઊછરે છે રોજ કાયમથી ફડકમાં દીકરી.

જે શિરે હું હાથ ફેરવતો, હવે એ હાથ દે,
વિસ્તરે છે એમ સમજણના ફલકમાં દીકરી.

સૂર, શરણાઈ, સગાંસંબંધીઓની ભીડમાં,
રોજ ભીની થાય છે ભીની પલકમાં દીકરી.

('પગરવ તળાવમાં' માંથી)

શબ્દ-સમૂજતી

શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

સ્નેહ-પ્રેમ; **ફડક**-ચિંતા; **શિર**-મસ્તક, માથુ; **ફલક**-વિસ્તાર; **પલક**-પાંપણનો પલકારો; **ઝલક**-શોભા, તેજસ્વિતા; **ખડક**-ધારદાર ભેખડ; **ગૌરીવ્રત**-ગૌરી (પાર્વતી) પૂજાનું વ્રત

વિરુદ્ધાર્થી શબ્દો

શરમ × બેશરમી; **સમજ** × અણસમજ; **ભીનું** × સૂકું; **સ્વર્ગ** × નરક

રૂઢિપ્રયોગ

માથે હાથ ફેરવવો-આશિષ આપવા, કાળજી લેવી; **હાથ દેવો**-સહારો આપવો, હૂંફ આપવી

સ્વાધ્યાય

1. નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને લખો.

(1) દીકરી સ્વર્ગમાં કયા સ્વરૂપે દેખાય છે ?

(A) દેવોની ઝલકમાં (B) પરીની ઝલકમાં

(C) દેવીઓની ઝલકમાં (D) અપ્સરાની ઝલકમાં

(2) દીકરીની સમજણ વિસ્તરી છે તેવું કયા કારણે કહી શકાય ?

(A) પિતાને સહારો આપે છે તેથી (B) પિતાને ખર્ચ કરાવે છે તેથી

(C) સાસરે જાય છે તેથી (D) ABC માંથી એકપણ નહિ

2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં લખો.

(1) કવિ સ્નેહનું ઝરણું કોને કહે છે ?

(2) 'દીકરીને માથે હાથ ફેરવવો' અને 'દીકરી હાથ દે' એમાં શો ફરક છે ?

3. નીચેના પ્રશ્નોના પાંચ-સાત વાક્યોમાં ઉત્તર લખો.

(1) દીકરીનો ઉછેર કેવી રીતે થવો જોઈએ તે તમારા શબ્દોમાં લખો.

(2) નીચેની કાવ્યપંક્તિ સમજાવો.

'સ્વર્ગની એક એક દેવીની ઝલકમાં દીકરી

છે સુખડ-ચંદન ને કુમકુમનાં તિલકમાં દીકરી'.

ભાષા-અભિવ્યક્તિ

• ગઝલ સ્વરૂપે લખાયેલી આ કૃતિમાં કવિએ પ્રયોજેલા રદીફ-કાફિયા જુઓ ; 'ઝલકમાં દીકરી', 'તિલકમાં દીકરી', 'ખડકમાં દીકરી', 'ફડકમાં દીકરી', 'ફલકમાં દીકરી', 'પલકમાં દીકરી' ખૂબ જ અસરકારક અને અર્થસભર બની રહ્યા છે. નાદવૈભવમાં શબ્દ પસંદગી વિશેષ મહત્ત્વ ધરાવે છે તે તમને સમજાયું હશે. પ્રતીકોનો ઉપયોગ પણ સાંકેતિક રીતે થયો છે, જે કાવ્યાર્થને વધુ ભાવવાહી બનાવે છે, તે નોંધો.

ગઝલમાં પ્રત્યેક શે'રનો સ્વતંત્ર અર્થ હોય છે છતાં સમગ્ર ગઝલમાંથી ઉપસતું દીકરીનું વ્યક્તિત્વ વૈવિધ્યસભર રંગોથી રળિયામણું બનેલું અનુભવાય છે. આંસુ માટે યોજાયેલ શબ્દ-પસંદગી અર્થોચિત બની છે તે જુઓ:
'રોજ ભીની થાય છે ભીની પલકમાં દીકરી'

શિક્ષકની ભૂમિકા

માતાપિતાના જીવનમાં દીકરી કેટલી વ્યાપ્ત છે તેની ઉદાહરણ સાથે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી. માત્ર માતા-પિતા જ નહિ; કુટુંબ, સમાજ, ધાર્મિક વિધિ, પ્રસંગ અને પૃથ્વી ઉપરાંત સ્વર્ગની દેવીમાં પણ જેની ઝલક દેખાય તેવી દીકરી સાપનો ભારો નહિ પણ સમજણનું પ્રતીક છે તે સ્પષ્ટ કરવું. આવી દીકરી વ્યક્તિ, સમાજ કે કોમના ભય વગર જીવી શકે તે જોવાની આપણી સૌની ફરજ છે તે વિશે વિદ્યાર્થીઓને જાગ્રત કરવા. સ્ત્રીદાક્ષિણ્ય, નારી સન્માન અને સમાનતાની ભાવના વધુ વ્યાપક બને તેવી ચર્ચા વિદ્યાર્થીઓ સાથે કરવી.

•